દાદી ગૂંથે છે
ઝટપટ...

ઇન્સ્ટિટયૂટ ફોર ધ ટ્રાન્સલેશન ઑફ હિબ્રૂ લિટરેચરના ઉદાર સહકારથી
આ પુસ્તકનું પ્રકાશન થઈ શક્યું છે.

ભારત તથા સાર્ક દેશોમાં વેચાણનું લાયસન્સ

મૂળ હિબ્રુમાં પ્રકાશિત
લેખન © યુરિ ઓર્લેવ
ચિત્રો © મોડન પબ્લિશર્સ

ISBN 81-237-2945-6

પ્રથમ આવૃત્તિ 1999 (શક 1921)
ગુજરાતી અનુવાદ © નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, 1999
રૂ. 16.00
Granny Knits (*Gujarati*)
પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા
એ-5 ગ્રીન પાર્ક, નવી દિલ્હી-110 016

નહેરુ બાલ-પુસ્તકાલય

દાદી ગૂંથે છે ઝટપટ...

યુરિ ઓર્લેવ

ચિત્રકાર

ઓરા ઐટાન

અનુવાદિકા


વર્ષા દાસ



નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

એક દિવસ દાદીને થયું
લાવ શહેરમાં ફરી આવું.
લીધાં ઊન ને સોયા સાથે
ચાલી નીકળ્યાં શહેરની વાટે.






ચાલી ચાલીને થાક્યાં દાદી,
રહેવા માટે ઘર ક્યાંય નહીં.
પગ સૂજીને થયા થાંભલા,
દાદી ઝાડ નીચે જઈ બેઠાં.






નરમ ચંપલ ગૂંથી કાઢ્યાં,
પહેરી પગમાં રાજી થયાં.
પણ ધૂળમાં તે કંઈ પગ મુકાય?
ગાલીચા વિના ન જ ચલાય.




હવે ગાલીચો પાથરે ક્યાં?
ચારે બાજુ કાંટા ને કાંકરા!
દાદીએ સોયા ખખડાવ્યાં
ગૂંથી જમીન જરીક વારમાં.

જમીન ગૂંથીને પરવારી
પણ ક્યાંય નથી એક પથારી!
થાકેલી દાદી ગૂંથવા બેઠી
ગાદલું, પલંગ અને રજાઇ.
ઓશિકું ગૂંથ્યું, ચાદર ગૂંથી
હવે નિરાંતે દાદી બેઠી.

પણ સૂવા જતાં દાદીએ જોયું
ઘરમાં નથી છોડનું કૂંડું.
નથી બારી કે નથી બારણું,
નથી પડદા, નથી અજવાળું.




દાદીના સોયા કટકટ બોલ્યા
ઝટપટ ગુંથાયાં બારી-બારણાં,
છાપરું, દીવાલો ને પડદા,
કૂંડામાં છોડ ને લીલાં ઝાડવાં.




ચા વિના દાદીને ફાવે નહીં,
સવાર તો જાણે પડે જ નહીં!
ગૂંથ્યાં કીટલી ને કપ-રકાબી,
સાથે ખાવા મૂઠિયાં ને જલેબી!

ખાવા-પીવાનું ગોઠવાય
તો જ ઘર ઘર કહેવાય!




પછી તો દાદી ગૂંથતાં જ ગયાં,
ગૂંથ્યાં ભાણેજ ને ભત્રીજા,
કોઈ તોફાની તો કોઈ ડાહ્યા
કોઈ રડમસ તો કોઈ હસતા.
મનગમતી મહેનત ને સુંદર કળા
દાદીની દુનિયામાં મજા જ મજા.







દાદીએ ગૂંથ્યાં પાંદડાં ને ફૂલ
ગૂંથ્યાં લપસણાં ને હીંચકાની ઝૂલ.
છોકરાંઓનો ઓરડો મોટો
તેમાં અભરાઈ ને કબાટો.
ગૂંથી સાઈકલ, ગૂંથ્યું વિમાન
રમકડાં તો અપરંપાર.
તોફાની છોકરાં ખૂબ રમ્યાં,
પકડદાવ ને હીંચકા ચગ્યા.




બહેને ભાઈના હાથ ખેંચ્યા
ભાઈએ બહેનના વાળ ખેંચ્યા.
હાથમાં આવ્યો એક દોરો
ભાઈનો પગ ઊતરડી ગયો.
જોઈને દાદી મનમાં હસ્યાં
ગૂંથવાની તે ક્યાં છે બલા!







ચિંતા કરવાની શી જરૂર?
દાદી બેઠી છે હાજરાહજૂર!
સોયા ચાલ્યા કટાકટ
પગ ગુંથાયો પટાપટ.

કાળા ઊનથી રાત ગૂંથી
દીવો ઠારી આંખ મીંચી.
હૂંફાળી રજાઈમાં ઘૂસી
દાદીએ સપનાંની ભાત ગૂંથી.
સુંદર સપનાં, રંગીન સપનાં
વાદળના જાણે ગોટેગોટા!





વહેલી સવારે ચોપડી ગૂંથી
છોકરાં લઈ શાળાએ પહોંચી
ટીચર હસી, ને પછી બોલી :
"ગૂંથેલાં છોકરાં તે ભણે કદી?
ઊનનાં છોકરાં અહીં નહીં ભણે,
લઈ જાઓ એને દૂર ઘણે!"






દાદી કહે : "આવું તે કરાય?
છોકરાંને કંઈ કાઢી મુકાય?
બંને જણાં બહુ હોંશિયાર છે
દાખલ કરો, તો જાણ થશે.
તમારી પણ ઠરશે આંખ,
ગૂંથાયેલાં છે, તેમાં એનો શો વાંક!"



ટીચરે જરા ધ્યાનથી જોયું,
પણ પછી મોં મચકોડ્યું.
"છોકરાં તો ઊનનાં છે.
શાળા માટે નકામાં છે.
લઈ જાઓ એમને અહીંથી
ને આવશો નહીં ફરીથી."


દાદી ગુસ્સાથી ધૂંઆપૂંઆ
નક્કી કરી લીધું મનમાં.
સોયા કાઢી ગૂંથવા માંડી
પીળા રંગની મોટી ગાડી.



ગાડી હાંકી મેયરને મળી
વાત બધી સમજાવી દીધી.

મેયરે બોલાવી સમિતિ
સંભળાવ્યો ચુકાદો જોરથી:
"કોઈ પણ સારા શહેરમાં
ગૂંથેલાં છોકરાંને શાળામાં
દાખલ કદી કરતાં નથી.
હવે ચાલતી પકડો અહીંથી."





આ તો હડહડતું અપમાન.
સુધરાઈનું ખાતુંયે કમાલ!
સોયા કટાકટ દોડી પડ્યા,
દાદીએ મજબૂત ટાંકા લીધા.
મોટું હેલિકૉપ્ટર ગૂંથીને
ચાલી મળવા રાષ્ટ્રપતિને.


રાષ્ટ્રપતિ મુંઝાઈ ગયા, પ્રધાનોને ભેગા કર્યા.
“ઊનથી ગૂંથેલાં બાળકો કદી
શાળામાં દાખલ કરાતાં નથી.”
બધાએ એક જ વાત કહી.
દાદીને તે ગમી નહીં.
એ જ કહેલું મેયરે, ને કાઢી મૂકેલાં ટીચરે.





પણ વાત ફેલાઈ ચારેકોર
દાદીનું ઘર તો વાત જ ઓર!
લોકો ઊમટ્યાં અચરજ જોવા,
ગૂંથેલા ઘરનાં દાદી કેવાં!

મેયરની પાસે પહોંચી વાત,
પ્રધાનનાયે ચમક્યા કાન!
“આ તો અમૂલી ઈમારત છે!
જલદી બેસાડો ચોકીદાર બે.”
રાતોરાત બનાવી વાડ,
ઘેરી લીધાં સૌ ફૂલ ને ઝાડ.
આખી દુનિયામાં અજોડ છે.
દાદીનું ઘર બહુ સુંદર છે!






વાડ ને ચોકીથી શું વળે?
દાદીનો પારો તો ઊંચે ચડે!
રાતે જ્યારે સૌ સૂઈ ગયાં,
દાદીમા નવા કામે ચડ્યાં.



ગૂંથેલા ઘરનો દોરો લીધો,
તાણી-તાણીને દડો કીધો.
એક એક ચીજને ખેંચી કાઢી,
અલોપ થઈ ગઈ નગરી આખી!

કટકટતા સોયા શાંત પડ્યા
પણ દાદી બહુ અશાંત રહ્યાં:
"ઊતરડી નાંખ્યું પેલું બધું,
પણ આ બાળકોનું શું કરું?"

છેવટે બાળકોને ય ઊતરડ્યાં,
આંખોમાં આંસુ છલકાયાં,
લઈ થેલીમાં ઊન ને સોયા
દાદી ચાલી નીકળ્યાં.



હવે દાદી શોધશે નવી જગા,
ગૂંથશે ફરી ઘર નવાં નવાં.
સૌથી પહેલાં બાળકો ગૂંથશે,
હસશે, રમશે, ગાશે, કૂદશે.
જે જે કરવાનું મન થશે,
તે બધું દાદી ગૂંથી લેશે
લોકો જો સારાં ને ભલાં હશે,
ગૂંથેલાં બાળક રાખતાં હશે,
તો દાદી ત્યાં જ વસી જશે,
ને સોયા ઝટપટ દોડશે. . .





Lasertypeset by Fine Impressions, New Delhi and printed at Impress Offset, Noida